ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વેલી ઓફ ફ્લાવર સોસાયટી દ્વારા ટીકીટનાં દરમાં ૫૦% રાહત બાબત.

સંદર્ભ: સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળનાં પત્ર ક્રમાંક SoUADTGA/૫૦% રાહત/વશી/ ૨૯૪થી૨૯૫/૨૦૨૪, તા.૦૯/૦૩/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ અને સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન માન.સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે નિર્માણ કરવામાં આવેલ છે જ્યા સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપરાંત આરોગ્ય વન, એકતા નર્સરી, કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડન કમલમ, ગ્લો ગાર્ડન, વિશ્વવન, મિયાવાંકી ફોરેસ્ટ, મેઝ ગાર્ડન, વેલી ઓફ ફ્લાવર, પેટ ઝોન વગેરે આકર્ષણ સ્થળો આવેલ છે. એસઓયુએડીટીજી ઓથોરીટીની તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ યોજાયેલ ગવર્નિંગ બોડીની આઠમી બેઠકમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગરની મુલાકાતે આવતા નિયત ગ્રુપો માટે ટીકિટનાં દરમાં ૫૦% રાહત આપવાની દરખાસ્તને મંજુરી આપવા માટે જોગવાઇ કરવામા આવેલ છે. જેથી નીચે મુજબનાં ગ્રુપો/ સંસ્થાઓ (તેમના સ્ટાફ સહિત) માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વેલી ઓફ ફ્લાવર સોસાયટી દ્વારા સંચાલિત આકર્ષણો તથા સંમતિ અપાયેલ ખાનગી વેન્યુ પાર્ટનરના આકર્ષણો માટે સંદર્ભપત્રમાં દર્શાવેલ શરતોને આધીન ટીકીટનાં દરમાં ૫૦% રાહત આપવામાં આવેલ છે તો આ અંગે આપની સંસ્થાને સદર પ્રવાસન સ્થળોની મુલાકાત લેવા અંગે સંદર્ભપત્રની વિગતે માહિતગાર કરવામાં આવે છે જેની નોંધ લેવા વિનંતી.

૧) તમામ કોલેજો(સરકારી અને ખાનગી બંન્ને) દ્વારા શૈક્ષણિક પ્રવાસમાં આવતા ગૃપના સભ્યો.
૨) તમામ દિવ્યાંગ વ્યક્તિઓ અને દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓના પ્રવાસમાં આવતા ગૃપના સભ્યો.
૩) તમામ સરકારી અને અર્ધસરકારી તાલીમ સંસ્થાઓ/કેન્દ્રોના શૈક્ષણિક તાલીમ પ્રવાસમાં આવતા ગૃપના સભ્યો.

કા.કુલસચિવ

બિડાણ:

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૦૯/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૩/૦૩/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# સ્ટેચ્યુ ઓફ યુનિટી


વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ
વહીવટી સંકુલ, SoU રોડ, એકતા નગર, જિ. નર્મદા – ૩૯૩ ૧૫૧


STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत.

ક્રમાંક:SoUADTGA/૫૦% રાહત/વશી/૨૯૪ થી/૨૦૨૪ ૨૯૫ તા: ૦૯/૦૩/૨૦૨૪

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
યુનિવર્સિટી, નગામ,
ગુજરાત રાજ્ય

**વિષય :** સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વેલી ઓફ ફ્લાવર સોસાયટી દ્વારા સંચાલિત આકર્ષણોની ટીકીટના દરમાં સરકારી અને અર્ધ સરકારી શાળા – કોલેજ અને યુનિવર્સિટીઓ તથા સરકારી અને અર્ધ સરકારી તાલીમી સંસ્થાઓ, દિવ્યાંગ વ્યકિતઓ અને દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓને ૫૦% રાહત આપવાની જોગવાઈ બાબત

**સંદર્ભ:** SoUADTGA, એકતાનગરની આથમી ગવર્નિંગ બોડીની કાર્યવાહી નોંધ ક્રમાંક: SoUADTGA/ Unit-4/વશી/GB-8th Meeting/૨૮૭ થી ૩૦૫/૨૦૨૪, તા.૨૧/૦૨/૨૦૨૪

ઉપરોક્ત વિષય અન્વયે જયભારત સહ જણાવવાનું કે, અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ અને સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન માન.સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે નિર્માણ કરવામાં આવેલ છે. એકતાનગર ખાતે આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી, આરોગ્ય વન, એકતા નર્સરી, કેક્ટસ અને બટરફ્લાય ગાર્ડન, કમલમ, ગ્લો ગાર્ડન, વિશ્વવન, મિયાવાંકી ફોરેસ્ટ, મેઝ ગાર્ડન, વેલી ઓફ ફ્લાવર, પેટ ઝોન વિગેરે આકર્ષણ સ્થળો આવેલ છે.

એસઓયુએડીટીજી ઓથોરિટીની તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ યોજાયેલ ગવર્નિંગ બોડીની આઠમી મીટીંગમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગરની મુલાકાતે આવતા નિયત ગ્રુપો માટે ટીકિટ દરમા ૫૦% રાહત આપવાની દરખાસ્તને મંજૂરી આપવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી નીચે મુજબના ગ્રુપો/ સંસ્થાઓ (તેમના સ્ટાફ સહિત) માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વેલી ઓફ ફ્લાવર સોસાયટી દ્વારા સંચાલિત આકર્ષણો તથા સંમતિ અપાયેલ ખાનગી વેન્ડ્યુ પાર્ટનરના આકર્ષણો માટે ટિકિટના દરમાં ૫૦% રાહત મળશે.

૧.તમામ શાળાઓ અને કોલેજો (સરકારી અને ખાનગી બંને) દ્વારા શૈક્ષણિક પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યો.
૨.તમામ દિવ્યાંગ વ્યકિતઓ અને દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓનાં પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યો.
૩.તમામ સરકારી અને અર્ધસરકારી તાલીમ સંસ્થાઓ / કેન્દ્રોના શૈક્ષણિક તાલીમ પ્રવાસમાં આવતા ગ્રુપના સભ્યો.

**આ અંગેની શરતો નીચે મુજબ રહેશે :**

૧. ઉક્ત મુજબના ગ્રુપોએ પોતાની શાળા અથવા સ્ટાફ/સંસ્થાના ઓળખ કાર્ડ સાથે રાખવાના રહેશે.
૨. તાલીમી સંસ્થાઓ હોય તેવા કિસ્સામાં ફેકલ્ટી મેમ્બર સાથે હોવા જોઈએ. તેઓને પણ રાહત મળશે.
૩. ગ્રુપ ૧૫ વ્યકિતઓ કરતાં વધારે સભ્યોનું હોવું જોઈએ. જો ૧૫ કરતાં ઓછી સભ્ય સંખ્યા હોય તો તેમને સ્ટેચ્યુ ઓફ યુનિટીની ટીકીટનાં દરમાં રાહત આપવા અંગેનો નિર્ણય લેવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, એસઓયુએડીટીજી ઓથોરીટી, એકતાનગરની રહેશે.

ઉક્ત મુજબના ગ્રુપો માટે એસઓયુએડીટીજી ઓથોરિટી, એકતાનગરના નીચે મુજબના પ્રોટોકોલ ઓફિસરનો અગાઉથી સંપર્ક કરી સંકલન કરી લેવાનું રહેશે.


VC OFFICE
Inward No. 77
Dt. 11/3/2024

AFFILIATION
Inward No. 452
Dt. 12/3/24

| ક્રમ | સંસ્થા | એસઓયુએડીટીજી ઓથોરિટીના પ્રોટોકોલ ઓફિસરનું નામ | કોન્ટેક્ટ નંબર |
|---|---|---|---|
| ૧ | સરકારી અને અર્ધ સરકારી શાળા – કોલેજ અને યુનિવર્સિટીઓ તથા સરકારી અને અર્ધ સરકારી તાલીમી સંસ્થાઓ | શ્રી જસપાલસિંહ રાણા | ૯૮૨૫૬૦૩૦૨૮ |
| ૨ | દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓ | શ્રી અધિતિ પંચોલી | ૯૪૦૯૧૧૫૭૮૭ |

આકર્ષણ સ્થળોના હાલના ટિકિટ દરની વિગત આ સાથે બીડાણમાં સામેલ રાખેલ છે. ઉક્ત મુજબના ગ્રુપો દ્વારા ટિકિટના દરમાં ૫૦% રાહત માટે નિયત નમુના માં અરજી કરવાની રહેશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ આપના કાર્યક્ષેત્ર હેઠળની સરકારી અને અર્ધ સરકારી શાળા – કોલેજ અને યુનિવર્સિટીઓ તથા સરકારી અને અર્ધ સરકારી તાલીમી સંસ્થાઓ, દિવ્યાંગ વ્યક્તિઓ અને દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને અને વેલી ઓફ ફ્લાવર સોસાયટી દ્વારા સંચાલિત આકર્ષણોની ટીકીટના દરમાં આપવામાં આવેલ ૫૦% રાહતનો લાભ લે તે અંગે આપની કક્ષાએથી સબંધિતોને જાણ થઈ જવા વિનંતી છે.

**બીડાણ: (૧) નિયત નમૂનાનું અરજી પત્રક**

**(ઉદિત અગ્રવાલ, IAS)**
**મુખ્ય કારોબારી અધિકારી**
**SoUADTGA, એકતાનગર**

**નકલ સવિનય રવાના :**

(૧) માન.ચેરમેનશ્રી, એસઓયુએડીટીજીએ, એકતાનગર

ક્રમાંક:

તા: / /

સમ્પર્ક સુત્રનું નામ અને હોદ્દો:

મોબાઈલ નં.

ઈ–મેઈલ :

પ્રતિ,

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,

એસઓયુએડીટીજીએ,

એકતાનગર

**વિષય :** સ્ટેચ્યુ ઓફ યુનિટી અને વેલી ઓફ ફ્લાવર સોસાયટી દ્વારા સંચાલિત આકર્ષણોની ટીકીટના દરમાં શાળા – કોલેજો, દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલ સંસ્થાઓ અને તાલીમી સંસ્થાઓ ને ૫૦% રાહત આપવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે સવિનય જણાવવાનું કે, અમો ____________________ સંસ્થાના ____________________ (હોદ્દો) સભ્ય છીએ. અમો તા.__________ ના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગર ખાતે મુલાકાત લેવા માંગીએ છીએ.

અમારા દ્વારા કરવામાં આવનાર મુલાકાત અને મુલાકાતીઓની વિગતો પરિશિષ્ટ–૧ અને પરિશિષ્ટ–૨ માં દર્શાવેલ છે.

## પરિશિષ્ટ –૧

**SOU all attraction tickets detail**

| Sr. No | Attraction name | Discount Ticket rates | Adult/Child | No. of Visitors |
|---|---|---|---|---|
| 1 | SOU Viewing Gallery | 190 | Adult | |
| | | 115 | Child | |
| 2 | SOU Entry | 75 | Adult | |
| | | 45 | Child | |
| 3 | Children Nutrition Park | 100 | Adult | |
| | | 63 | Child | |
| 4 | Ekta Nursery | 25 | Adult | |
| | | 15 | Child | |
| 5 | Khalvani to Zarwani Eco Tour | 200 | Adult | |
| | | 175 | Child | |
| 6 | Maze Garden | 50 | Adult | |
| | | 25 | Child | |
| 7 | Miyawaki Forest | 25 | Adult | |
| | | 15 | Child | |
| 8 | Cactus & Butterfly | 30 | Adult | |
| | | 20 | Child | |
| 9 | Vishva Van | 15 | Adult | |
| | | 10 | Child | |
| 10 | Unity Glow Garden | 50 | Adult | |
| | | 25 | Child | |
| 11 | Arogya Van | 25 | Adult | |
| | | 15 | Child | |
| 12 | Dino Trail | 15 | Adult | |
| | | 10 | Child | |

# પરિશિષ્ટ-૨

| ક્રમ નં. | શૈક્ષણિક/તાલીમી/દિવ્યાંગ કલ્યાણ સાથે સંકળાયેલી સંસ્થાના વડાનું નામ અને તાલીમાર્થી/વિદ્યાર્થીનું નામ | પુરુષ/સ્ત્રી | ઉંમર | રાજ્ય | દેશ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ, એકતાનગર દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ અમોને ટીકીટના દરમાં ૫૦% રાહત આપવા વિનંતી છે.

**સ્થળ:**
**તારીખ:**

**સંસ્થાના સક્ષમ સત્તાધિકારીની સહી**